**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot**
104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator


Ref.:
Date: 12/06/2018

# પ્રેસનોટ

## સી.સી.ડી.સી. તથા એજ્યુકેશન ફેકલ્ટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા TAT - 1 & 2 ના વર્ગો માટે રેગ્યુલર બેચનું આયોજન..... તા. ૧૯–૦૬–૨૦૧૮ થી શરૂ થશે.....

પ્રવર્તમાન સમયમાં શિક્ષક થવા માટે બી.એડ્.ની પદવી ઉપરાંત વિદ્યાર્થીઓએ ટેટ અને ટાટ જેવી પરીક્ષાઓ આપવાની થાય છે. આ પરીક્ષાઓને આધારે છેલ્લા પાંચ–સાત વર્ષમાં અસંખ્ય યુવાનોને શિક્ષક તરીકે રોજગાર પ્રાપ્ત થાય છે. બી.એડ્.ના જ ગુણને બદલે વિદ્યાર્થીએ આપવાની થતી સ્પર્ધાત્મક પરીક્ષા અત્યંત મહત્વની હોય છે. વિદ્યાર્થી આ પરીક્ષામાં સફળતા મેળવી શકે તે માટે જરૂરી માર્ગદર્શન મેળવી શકે તેવા હેતુસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સીસીડીસી સેન્ટર અને એજ્યુકેશન ફેકલ્ટીના સંયુક્ત પ્રયાસથી વિદ્યાર્થીઓને કોચીંગ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે વિદ્યાર્થીઓએ બી.એડ્.નો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તે તમામ વિદ્યાર્થીઓ આ કોચીંગમાં માર્ગદર્શન મેળવવા આવી શકશે. આ માર્ગદર્શન વખતે વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાન, ભાષાકીય જ્ઞાન ઉપરાંત ટાટ–૧ અને ૨ ની પરીક્ષા માટે જરૂરી એવું શિક્ષક અભિયોગ્યતા માટેની તૈયારી કરાવવામાં આવનાર છે.

આ તાલીમ વર્ગો **તા. ૧૯–૦૬–૨૦૧૮ થી બપોરે ૨ થી ૬ ના સમય દરમ્યાન રેગ્યુલર બેચનું આયોજન કરવામાં આવનાર છે.** જે વિદ્યાર્થીઓ જોડાવવા માંગતા હોય તેઓએ સીસીડીસી કાર્યાલય ૧૩, એકેડેમિક સેન્ટર, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે રૂબરૂ આવી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા. ૧૩–૦૬–૨૦૧૮ થી રજાના દિવસ સિવાય સવારે ૧૧ થી ૪ દરમિયાન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન સમયે સ્કૂલ લિવિંગની ઝેરોક્ષ, ટાટ–૧ નું ઓજસમાં ભરેલ ઓનલાઈન એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવાના રહેશે. રજિસ્ટ્રેશન ફી પેટે રૂ. ૧,૦૦૦/– નિર્ધારીત કરવામાં આવેલ છે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તાલીમ વર્ગો માટે બીજી અન્ય કોઈ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી.

આ તાલીમ વર્ગોને સફળ બનાવવા માટે એજ્યુકેશન ફેકલ્ટીના ડીનશ્રી ડો. નિદત્તભાઈ બારોટ, અધરધેન ડીનશ્રી ડો. જનકભાઈ મકવાણા અને સીસીડીસીના કોર્ડીનેટર પ્રો. નિકેશ એ. શાહ તથા "ટીમ સીસીડીસી" દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

for, [signature]
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)